આનંદો : ખેડૂતોને બે કલાક વધારે વીજળી આપાશે

રાજ્યમાં વરસાદ ખેંચાતા જગતનો તાત ચિંતામાં : ૭મી જુલાઇથી ૮ ને બદલે ૧૦ કલાક વીજળી મળશે

ગાંધીનગર, તા. ૬ રાજ્યમાં વરસાદ ખેંચાવાની સ્થિતીમાં ખેડૂતોને સિંચાઇ-પાણી માટે સમસ્યા ન રહે તે હેતુસર બુધવાર તા.૭મી જુલાઇથી ખેડૂતોને વધુ ૨ કલાક વીજળી અપાશે. હાલ રાજ્યમાં ખેડૂતોને ૮ કલાક વીજળી આપવામાં આવે છે. તેમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ બે કલાકનો વધારો કરવાનો નિર્ણય કર્યો છે. આમ હવે રાજ્યના ખેડૂતોને બુધવાર તા. ૭ મી જુલાઇથી ૮ ને બદલે ૧૦ કલાક વીજળી મળશે. ગુજરાતમાં વરસાદ પાછો ખેંચાયો છે. હાલ એક અઠવાડિયા સુધી વરસાદના કોઈ એંધાણ નથી. ત્યારે મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા ખેડૂતોના હિત માટે વધુ એક સંવેદનાપૂર્ણ નિર્ણય લેવાયો છે. ઉલ્લેખનીય છે, ખેડૂતોએ ચોમાસાનું વાવેતર શરૂ કરાયું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૪૯.૩૯ ટકા કૃષિ વાવેતર કરવામાં આવ્યું છે. રાજ્યમાં તેલિબીયા પાકનું વાવેતર ૬૨.૫૨ ટકા થયું છે. કઠોળ પાકોનું વાવેતર ૩૬.૩૯ ટકા વાવેતર કરાયું છે. અન્ય ધાન્ય પાકોનું વાવેતર ૧૭.૪૧ ટકા થયું.

ગુજરાતમાં હાલ વરસાદ છે. ૧૦ જુલાઈથી રાજ્યમાં વરસાદી માહોલ સર્જાશે. હાલ ૪ દિવસ રાજ્યમાં વરસાદી માહોલ નથી. હવામાન ખાતાના અપડેટ અનુસાર, દક્ષિણ ગુજરાતમાં નોંધપાત્ર વરસાદ આવી શકે છે. બંગાળની ખાડીમાં હવાનું હળવું દબાણ સર્જાઈ રહ્યું છે. ગુજરાત ઉપર પણ સર્ક્યુલેશનની અસરથી વરસાદી માહોલ સર્જાશે. હાલ ઉકળાટ અને બફારાથી કોઈ રાહત નહિ મળે તેવું મેટ ડિપાર્ટમેન્ટના ઈન્ચાર્જ ડાયરેક્ટર મનોરમા મોહંતીએ જણાવ્યું.

મોડાસાની બાઈકર્સ ગેંગ ઉપર પોલીસની સર્જીકલ સ્ટ્રાઈક

ભય ફેલાવનાર બાઇકર્સ ગેગના આઠ ઇસમોને નેત્રમ શાખાની મદદથી ઝડપી પાડવામાં આવ્યા

બાયડ, હિંમતનગર તા.૦૬ જીલ્લામાં ધૂમ સ્ટાઈલથી મીડિયામાં વાયરલ થતા મોડાસા ટાઉન પોલીસ હરકતમાં આવી

બાઈકો તથા ફોરવ્હીલ ગાડીઓ ચલાવી લોકોમાં ભય પેદા કરનાર બાઈકસસ ગેગના ઈસમો ઉપર ચાંપતી નઝર રાખવા આપેલ સચુના આપી હતી.

જે અન્વયે તા-૨/૦૭/૨૦૨૧ ના રોજ રાત્રીના સમયે મોડાસા રાણાસૈયદ કોલીખડ હાઈવેરોડ ઉપર કેટલાક ઈસમો ફોર વ્હીલ ગાડી તથા મોટર સાઈકલોની એકબીજા વચ્ચેહરીફાઈ યોજી પરુઝડપે હાંકારી લોકોમાં ભય પેદા કરેલ તેવો એક વીડીયો સોશ્યલ હતી.

મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનના ડી-સ્ટાફના માણસો મારફતે જરૂરી માહીતી એકત્ર કરી તથા પોલીસ અનધક્ષકની કચેરી અરવલ્લી-મોડાસા નેત્રમ શાખાના ઇ.પો.સબ.ઇન્સ જે.એચ.ચૌધરી મોડાસા તથા સ્ટાફની મદદથી રાણાસૈયદ ચોકડી ખાતેલગાવેલ સી.સી.ટી.વી કેમેરાની મદદથી મોડાસા રાણાસૈયદ ખાતે રહેતા કુલ ૮ ઈસમોને ગુન્હામાં ઉપયોગમાં લીધેલ બાઈક નંગ-૬ કુલ કિં રૂ.૨,૧૫,૦૦૦/- તથા એક ટોયટો કાંપનીની ફોર વ્હીલ ગાડી કી.રૂ ૧,૫૦,૦૦૦/- મળી કુલ કી.રૂ.૩,૬૫,૦૦૦/- ના મદ્દામાલ સાથે કુલ-૮ ઈસમોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આરોપી

(૧) રોશનઅલી અયબુભાઇ લાલુભાઈમલુતાની
(૨) ફઝલઅલ્લી મહાંમદભાઈ મલુતાની
(૩) ગુલામહુસેન પીરમહાંમદ મલુતાની
(૪) મોહસીન સાકીરભાઇ મલુતાની
(૫) અકીલભાઇ હસનભાઇ મલુતાની
(૬) મહાંમદ રસીદ ફકીરમહાંમદ મલુતાની
(૭) અઝરૂદીન અલીમહાંમદ મલુતાની
(૮) મોહસીન પીરમહાંમદ મલુતાની
તમામ રહે. રાણા સૈયદ મોડાસા તા-મોડાસા જી-અરવલ્લી

હિન્દૂ સનાતન ધર્મ વિશે અભદ્ર ટિપ્પણી સામે કર્મકાંડી બ્રાહ્મણો લાલઘૂમ

આમ આદમી પાર્ટીના પ્રમુખ ગોપાલ ઇટાલિયાએ હિન્દૂ સનાતન ધર્મ વિશે કરેલી અભદ્ર ટિપ્પણી સામે આજે કર્મકાંડ મંચ ચેરીટેબલ ટ્રસ્ટ બનાસકાંઠા દ્વારા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આમ આદમી પાર્ટીના ગુજરાતના પ્રમુખ ગોપાલ ઇટાલિયાનો એક વિડિઓ વાયરલ થયો છે. જેમાં તેઓએ બ્રાહ્મણો, કથાકારો, સાધુ-સંતો અને હિન્દૂ દેવી દેવતાઓ વિશે અભદ્ર ટિપ્પણી કરી છે. જેની સામે હિન્દૂ સનાતન ધર્મીઓમાં રોષ ફાટી નીકળ્યો છે. ત્યારે આજે પાલનપુર ખાતે કર્મકાંડ મંચ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે કર્મકાંડી બ્રાહ્મણોએ કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં ગોપાલ ઇટાલિયા માફી માંગે તેવી માંગ કરી હતી. જોકે, કર્મકાંડી બ્રાહ્મણોએ જો ગોપાલ ઇટાલિયા માફી નહીં માગે તો ઉગ્ર આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારી હતી. આ પ્રસંગે જિલ્લા પ્રમુખ હિરેન કુમાર વ્યાસ, તાલુકા પ્રમુખ ધનેશભાઈ મહેતા, તાલુકા ઉપપ્રમુખ યોગેશભાઈ ત્રિવેદી, વડગામ તાલુકા પ્રમુખ સંદીપ ભાઈ જોશી, હિતેશભાઈ ઉપાધ્યાય, મુકેશભાઈ જાની, આકાશભાઈ રાવલ, કિરણભાઈ જોશી સહિતના કર્મકાંડી ભૂદેવો હાજર રહ્યા હતા.

ઉત્તર માધ્યમિક શાળા સવારની પાળીમાં ચલાવવાનો આદેશ

શિક્ષકોની રજૂઆત બાદ સરકારનો નિર્ણય : સાતમી જૂનથી શરૂ થયેલા શૈક્ષણિક વર્ષ માટે શિક્ષકો દ્વારા ઓનલાઈન અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે

ગાંધીનગર, તા. ૬ પ્રાયમરી સ્કૂલો બાદ રાજ્યના શિક્ષણ વિભાગે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોને ફક્ત મોર્નિંગ શિફ્ટમાં શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવાનો આદેશ કરવામાં આવ્યો છે. આવું રાજ્ય સરકારના એક સૂત્રએ જણાવ્યું છે.

કોવિડ-૧૯ મહામારીના કારણે હાલ સ્કૂલોમાં અભ્યાસ બંધ છે અને ઓનલાઈન શૈક્ષણિક કાર્ય ચાલુ છે. વળી ઓનલાઈન શિક્ષણ માટે શિક્ષકોને પણ સવારનો સમય પરવડે એમ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મામલે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલના શિક્ષકો દ્વારા રજૂઆત પણ કરવામાં આવી હતી. જે બાદ આ નિર્ણય લેવાયો છે.

તાજેતરમાં જ શિક્ષણ વિભાગે પ્રાથમિક સ્કૂલોને સવારના સમયે ઓનલાઈન શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવા નિર્દેશ કર્યો હતો. શિક્ષણ વિભાગના ડિરેક્ટરે પણ ગયા અઠવાડિયે આ મામલે એક સરક્યુલર જાહેર કર્યો હતો. ગયા મહિને, પ્રાથમિક વિભાગના શિક્ષકોના ગ્રૂપે રાજ્ય સરકારને માત્ર મોર્નિંગ શિફ્ટમાં શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવા માટે રજૂઆત કરી હતી.

વળી કોવિડ-૧૯ મહામારીના કારણે શાળાઓ બંધ છે અને સાતમી જૂનથી શરૂ થયેલા શૈક્ષણિક વર્ષ માટે શિક્ષકો દ્વારા ઓનલાઈન અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે. રાજ્યના પ્રાથમિક વિભાગના શિક્ષકોના અસોસિએશને તાજેતરમાં જ રાજ્યના શિક્ષણ વિભાગના ડિરેક્ટરને આ મુદ્દે પત્ર લખીને જાણ કરવામાં આવી હતી.

લગભગ નવ મહિનાના ગાળા બાદ સરકારે ગયા જાન્યુઆરી મહિનામાં શાળામાં હાજર રહીને અભ્યાસ કરવા માટે શાળાઓ શરૂ કરવાનો વિચાર કર્યો હતો, પરંતુ કોરોનાના કેસમાં ફરીથી ઉઠાળો આવતા બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને ઓનલાઈન શિક્ષણ ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો હતો.

ગાંધી-સરદારની ભૂમિ પર "આપ" પરના હુમલાને વખોડી કાઢતી કોંગ્રેસ

કોરોના મૃતકોને સહાય આપવાની કોંગ્રેસની માંગ બાદ સુપ્રિમની ટકોર : અમિત ચાવડા

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને રાજકીય પક્ષોએ તૈયારીઓ આરંભી દીધી છે. ત્યારે

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ પણ માં અંબાના આશીર્વાદ લઈ પાલનપુર ખાતે બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસની વિસ્તૃત કારોબારીને માર્ગદર્શન આપ્યું હતું. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ ગાંધી-સરદારની ભૂમિ પર "આપ" પર થયેલા હુમલાને વખોડી કાઢતા ભાજપના રાજમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પડી ભાંગી હોવાનો આક્ષેપ કર્યો હતો.

આગામી ૨૦૨૨ માં આવનારી વિધાનસભા ચૂંટણીઓમાં ત્રિ-પાંખીયો જંગ ખેલાવાનો છે. ત્યારે કોંગ્રેસે પણ આળસ ખંખેરી ચૂંટણીલક્ષી તૈયારીઓ શરૂ કરી છે. જેના ભાગરૂપે આજે પાલનપુર ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાના અધ્યક્ષસ્થાને બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસની વિસ્તૃત કારોબારી મળી હતી. જેમાં ચૂંટાયેલા ડેલીગેટો અને વિવિધ સંગઠન ના હોદ્દેદારો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ભાજપના છુપા આશીર્વાદથી આપ પર હુમલો

ગતરોજ આમ આદમી પાર્ટી પર થયેલા હુમલા અંગે પ્રતિક્રિયા આપતા પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ભાજપના રાજમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પડી ભાંગી છે. ગાંધી-સરદારની ભૂમિ પર ભાજપના છુપા આશીર્વાદથી આમ આદમી પાર્ટી પર થયેલા હુમલાને કોંગ્રેસ સખત શબ્દોમાં વખોડી કાઢે છે અને હુમલાખોરો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરે છે.

કોંગ્રેસની માંગ : સુપ્રિમની ટકોર

કોરોના કહેર વચ્ચે ભાજપ સરકાર નિષ્ફળ ગઈ છે. સરકારની બેદરકારીના કારણે ગુજરાતમાં લાખો લોકો મોતના મુખમાં ધકેલાયા છે. ત્યારે ગુજરાત કોંગ્રેસે કોરોના મૃતકોને રૂ.૪ લાખની સહાય મળે તે માટે મુહિમ ચલાવી હતી. હવે નામદાર સુપ્રિમ કોર્ટે પણ સરકારને ટકોર કરી છે. ત્યારે સરકાર સત્વરે કોરોના મૃતકોને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ મુજબ સહાય ચૂકવે તેવી માંગ કોંગ્રેસે કરી હતી.

ઉત્તરાયણના છ માસ બાદ પણ ઘાતક બની રહેલી ચાઈનીઝ દોરી

ઉત્તરાયણના સમયે સરકાર દ્વારા ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ લાદવાના દેખાવો કરવામાં આવે છે પરંતુ બધા જાણે છે કે ચાઈનીઝ દોરીનું ખુલ્લેઆમ વેચાણ થતું હોય છે પરંતુ આ ચાઈનીઝ દોરી કેટલી ઘાતક છે તેનો પુરાવો ઉત્તરાયણના છ માસ વીતી જવા પછી પણ મળી રહ્યો છે. શહેરમાં આજે વધુ એક નિર્દોષ પક્ષીનું ચાઈનીઝ દોરીમાં ફસાઈ જવાને કારણે મૃત્યુ થયું તો આ તરફ શહેરના જીવદયા પ્રેમીઓમાં અરેરાટી સાથે રોષની લાગણી પ્રવર્તવા પામી છે. ઉત્તરાયણના તહેવારમાં માનવીઓ તેમજ અબોલ પશુ પંખીઓ માટે પણ ઘાતક બનતી ચાઈનીઝ દોરી નિર્દોષ પક્ષીઓ માટે મૃત્યુઘંટ બની રહી છે ત્યારે શહેરના વન્યજીવ પ્રેમીઓ, પક્ષી પ્રેમીઓ તથા પર્યાવરણ પ્રેમીઓ દ્વારા નાગરિકોને ચાઈનીઝ દોરીના ઉપયોગથી દૂર રહેવા તથા હજુ પણ પોતાના ઘર કે ઓફિસની આસપાસ ધાબે કે ઝાડ પર લટકતી ચાઈનીઝ દોરીને દૂર કરવા વિનંતી કરવામાં આવી રહી છે.

પાલનપુરમાં માસ્ક મુદ્દે વેપારી અને પોલીસ આમને સામને

વેપારીએ માસ્ક ન પહેરેલ હોવાથી પોલીસે વેપારીને ટીંગાટોળી કરી ગાડીમાં બેસાડ્યો

પાલનપુર સિમલાગેટથી દિલ્હી ગેટ જવાના માર્ગ ઉપર માસ્ક પહેરવાના મુદ્દે પોલીસ અને એક વેપારી વચ્ચે ઘર્ષણ થયુ હતુ. જેના પગલે લોકોના ટોળે-ટોળા એકત્ર થઈ ગયા હતા.વેપારી દંડ ભરવા તૈયાર ન થતા પોલીસે વેપારીને પકડી પોલીસ ગાડીમાં બેસાડતા લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા.ત્યારબાદ વેપારીને પોલીસ સ્ટેશન ખાતે લઈ જવાયો હતો.

કોરોના મહામારીના પગલે પોલીસ દ્વારા માસ્ક વગર ફરતા વ્યક્તિઓ પાસેથી દંડ વસુલ કરવામાં આવી રહ્યો છે. જેના પગલે પાલનપુર સિમલા ગેટથી દિલ્હીગેટ જવાના માર્ગ ઉપર એક વેપારી માસ્ક વગર જણાતા પોલીસ દ્વારા માસ્ક બાબતે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવતા વેપારી દ્વારા દંડ ન ભરવા જણાવ્યુ હતુ.જેથી પોલીસ અને વેપારી વચ્ચે બોલાચાલી થઈ હતી. જેના પગલે આજુબાજુથી લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા. આ ઘટનાને પગલે પોલીસ વેપારીને પોલીસ સ્ટેશન ખાતે લઈ જઈ કાયદેસરની કાર્યવાહી કરતા બજાર એસોસીયેશનના વેપારીઓ એકત્ર પોલીસને રજુઆત કરતા દંડ ભરાયા બાદ વેપારીને મુક્ત કરવામાં આવ્યા હતો.આ અંગે બનાર એસોશીયેસના પ્રમુખ અશોકભાઈ મહેશ્વરીએ જણાવ્યુ હતુ કે વેપારી અને પોલીસ વચ્ચે થયેલા ઘર્ષણમાં વેપારીને દંડ ભરાવી મામલો થાળે પાડવામાં આવ્યો હતો.

પ્રતિબંધ હટાવ્યો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રવેશવાની મંજૂરી રહેશે. જો કે તેમણે આગમન પર કોરોના વાયરસ નેગેટિવ રિપોર્ટ બતાવવાનો રહેશે અને ૧૦ દિવસનો ક્વોરન્ટિન પીરિયડ જરૂરી રહેશે.

હાલના નિયમો મુજબ જર્મનીમાં આ દેશોથી ફક્ત પોતાના નાગરિકોને જ પ્રવેશની મંજૂરી છે. જો કે તેમણે પણ ૨ અઠવાડિયા ક્વોરન્ટિન રહેવું પડે છે.

અત્રે જણાવવાનું કે કોરોના વાયરસના ડેલ્ટા વેરિઅન્ટે ભારત અને બ્રિટનમાં ખુબ તબાહી મચાવી છે. ડેલ્ટા વેરિઅન્ટ ખુબ ખતરનાક છે જેણે મોટા પાયે લોકોના જીવ લીધા છે. બ્રિટનમાં સતત ડેલ્ટા વેરિઅન્ટના નવા કેસ સામે આવી રહ્યા છે ત્યારબાદ લોકડાઉન વધારવામાં આવ્યું છે.

ભારતમાં કોરોના વાયરસની બીજી લહેરનો પ્રકોપ ઓછો થયો છે. ગઈ કાલે જાહેર થયેલા આંકડા મુજબ ૪૦ હજારથી ઓછા દૈનિક કેસ નોંધાયા હતા. દેશમાં હજુ પણ કોરોનાના ૪ લાખ ૮૨ હજાર ૭૧ એક્ટિવ કેસ છે.

વેક્સિન...● અનુસંધાન પહેલાનું ચાલુ

સહયોગી ટાઇમ્સ ઓફ ઈન્ડિયા સાથે વાત કરતાં કહ્યું કે અત્યાર સુધીમાં ૩૪ કરોડ ડોઝ લોકોને લગાવવામાં આવ્યા છે. ડો. અરોડાએ જુલાઈના અંત સુધીમાં બીજા ૧૨ થી ૧૬ કરોડ જેટલા ડોઝ લાગવાની સંભાવના વ્યક્ત કરી છે. જાન્યુઆરીમાં કેન્દ્રએ કહ્યું હતું કે રસી માટે પ્રાથમિકતા જૂથોને આવરી લેતા જુલાઈના અંત સુધીમાં આશરે ૫૦ કરોડ ડોઝ લગાવવામાં આવશે.

તેમણે કહ્યું કે રસના સપ્લાયમાં હાલ દેશમાં મોટો ભાગ કોવિશિલ્ડ અને કોવેક્સિનનો જ છે. ડો અરોડાના કહેવા પ્રમાણે ''આ બંને રસીના ઉત્પાદનમાં વધારો કરવા ઉપરાંત, સ્પુતનિક વી રસીનું આવવું અને ત્યારબાદ મોડર્ના અને ઝાયડસ કેડિલાની નવી રસીનું રોલોઆઉટ થવાથી, દેશમાં રસી લગાવવાની દૈનિક એવરેજ ૫૦ લાખથી વધારીને ૮૦ લાખ સુધી થઈ જશે. ત્યાં સુધી શક્ય છે કે આ દૈનિક એવરેજ એક કરોડ પણ થઈ શકે છે."

સરકારનું લક્ષ્ય છે કે આ વર્ષના અંત સુધીમાં ૧૮ વર્ષથી ઉપરના દરેક વ્યક્તિને રસી લગાવવાના કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવે જે ૯૩ કરોડ જેટલી જનસંખ્યા છે. ડો. અરોડાએ કહ્યું કે, તાજેતરના આઈસીએમઆર અહેવાલમાં આવતા વર્ષે ફેબ્રુઆરી અથવા માર્ચ સુધીમાં ત્રીજી લહેરની આગાહી કરવામાં આવી છે. તેવામાં દેશ પાસે આશરે ૮ મહિના જેટલો સમય છે. ડેલ્ટા પ્લસ વેરિઅન્ટને ત્રીજી લહેર સાથે જોડીને જોવો તે ઉતાવળ ગણાશે. ભારતમાં અત્યાર સુધી આ વેરિઅન્ટના ૫૨ કેસ નોંધાયા છે.

ઓપરેશન હાથ ધર્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોય છે. ત્યારે પોતે રહેતા હોય તે મકાન જોખમી હોય તો પણ ખાલી કરવા તૈયાર થતા નથી. શહેરના વિવિધ સેકટરોમાં સરકારી આવાસો તોડવામાં આવી રહ્યા છે. જયારે સે-૬ માં પણ એકબાજુ નવા આવાસો તૈયાર કરવામાં આવી રહ્યા છે. ત્યારે જુના અને જોખમી મકાનોને લાંબા સમયથી ભયજનક જાહેર કરવામાં આવ્યા છે. પરંતુ આ મકાનો ખાલી કરવા માટે રહીશોએ તૈયારી ન દર્શાવતા તંત્રએ આજે કડક કાર્યવાહી હાથ ધરી હતી. સવારે પોલીસ બન્દોબસ્ત સાથે તંત્રની ટીમ ત્રાટકી હતી. વારંવાર નોટીસ આપ્યા બાદ પણ જોખમી મકાનો ખાલી ન કરતા રહીશોને સામાન હટાવી લેવા સુચના આપવામાં આવી હતી. ટ્રેકટરમાં સામાન ભરીને બપોર સુધીમાં આવાસો ખાલી કરી દેવાયા હતા. સે-૬ માં જ કક્ષાના ૧૩ મકાનો ખાલી કરી દેવાતા હવે જોખમી આવાસો તોડવાની કામગીરી પણ તેજ બનશે. હાલ સેકટરમાં જ કક્ષાના ભયજનક મકાનોનો કડુસલો કરવામાં આવી રહ્યો છે. સેકટરમાં જ કક્ષાના ૧૭ જેટલા જોખમી બ્લોક તોડી નાંખવામાં આવશે. આજે પણ સવારથી તંત્રનુ બુલડોઝર જોખમી આવાસો પર ફરી વળ્યુ હતુ. જયારે એકતરફ આવાસો તોડવાની સાથે જોખમી મકાનો ખાલી પણ કરવામાં આવી રહ્યા હતા. ટુંક સમયમાં જ સેકટરમાં ભયજનક મકાનોનો નિકાલ થતા જગ્યા ખુલ્લી થશે. હાલ સે-૬ માં નવા આવાસો બાંધવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. જયારે આગામી દિવસોમાં નવા આવાસોનુ પણ નિર્માણ કરાશે. સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરમાં ચાર દાયકા જુના સરકારી આવાસો હવે પડવાના વાંકે અસ્તિત્વ ધરાવતા હોવાનુ જોખમી ચિત્ર સ્પષ્ટ થયા બાદ તંત્ર દ્વારા પણ જોખમી આવાસોનો અગાઉ સર્વે કરીને વિભાગને સુપ્રત કરાયો હતો જેના અંતે આવાસોના નિકાલ મામલે પણ હવે ઝડપથી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

મનના ઉમંગો ● ૪ પાનાનું ચાલું....

અત્યાર સુધી મોટે ભાગે દલિતોના અનુભવો અને આક્રોશ વ્યક્ત કરતી દલિતકથાઓ લખાતી રહી છે. પણ વેદ-પુરાણ અને ઉપનિષદમાંથી દલિતોને થયેલા અધ્યયનના પ્રસંગો શોધીને તેની ઉપર વારતાઓ લખવાનું સાહસ ગઢવીસાહેબે શરુ કર્યું અને તે મેગેઝીનોમાં પગટ થતી ગઈ ત્યારથી અનેક સાહિત્યકારોનું તે તરફ ધ્યાન દોરાયું હતું. શ્રી પ્રવીણભાઈએ પારાવાર શ્રમ કર્યો છે. એક રીતે જોઈએ તો ધૂળધોયાનું કામ કરીને કિંમતી જણસો તેઓ શોધી લાવ્યા છે. પુરાણા ગ્રંથો ફંફોસતાં ગઢવી સાહેબને અનેક વાર્તાઓ જડી હશે. તે લખવાની તેમની ધારણા પણ હશે. અહીં જે અઢાર પ્રસંગો તેમણે વાર્તારુપે ઢળવાનો કસબ દાખવ્યો છે તે કાબિલેદાદ છે. હું લેખની મર્યાદાને કારણે બધી વાર્તાઓ પર કશું લખી શકતો નથી. મને ગમતી ઉપરની બે વાર્તાઓ જ શ્રેષ્ઠ છે એવું નથી. બાકીની સોળ વાર્તાઓ પણ એક નવા લોકમાં લઈ જવા સશક્ત છે. તેનો સંપૂર્ણ આનંદ મેળવવા માટે તો તમારે આ પુસ્તક 'શૂદ્રપર્વ' આખું વાંચવું પડે.